અપીલ અરજી નં.૨૪૯, તા.૪–૧૧ –૧૦/૧૧
અપીલ અરજી નં.૨૫૩,૨૫૪ તા.૧૬–૧૧–૧૦/૧૧
ફોન નં.૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ– શ્રી ઉર્વશીબેન પ્રભાતસિંહ સોલંકી
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી ઉર્વશીબેન પ્રભાતસિંહ સોલંકીની આઈ ડી નં.૭૪૦ તા.૮–૧૦–૧૦ ના રોજ જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનનને , આઈ ડી નં.૩૦૨ તા.૮–૧૦–૧૦ જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને સરખી વિગતે તબદીલ આઈ ડી નં.૩૦૮ તા.૪–૧૧–૧૦ તબદીલ આઈ . નં.૩૧૮ અને આઈ ડી નં.૩૦૨ અંગે તા.૧૬–૧૧–૧૦ ના રોજ કરેલ અપીલ બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૪–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૪૯/૨૦૧૦–૧૧
અરજદાર મજકુરની તા.૧૬–૧૧–૧૦ ની **SMC/FAP/** નં.૨૫૩/૨૫૪/૨૦૧૦–૧૧

શ્રી ઉર્વશીબેન પ્રભાતસિંહ સોલંકીની આઈ ડી નં.૭૪૦ અને આઈ ડી નં.૩૦૨ તા.૮–૧૦–૧૦ ના રોજ સરખી વિગતે અનુક્રમે સેન્ટ્રલઝોન અને અઠવાઝોનને મોજે ભટાર રે.સ. નં.૬૯ ટીપી સ્કીમ નં.૨૭ (ભટાર–મજુરા) ઓ.પી. નં.પર ફા.પ્લોટ નં.૧૦૮ શ્રીનાથજી સોસા.માં આવેલ સોહમ બંગ્લોઝ, માલિક પંકજકુમાર નટવરલાલ પટેલ અને કાશમીરાબેન પટેલ ની મુદ્દા નં.૧ મિલ્કત ના મંજુર થયેલ પ્લાનની નકલ. (૨) આકારણી થયેલ હોય તો તેના નકશાની નકલ. (૩) વસવાટની પરવાનગી આપી હોય તો તેની નકલ. (૪) બાંધકામ અંગે ઈમ્પેકટ ફી ભરી હોય તો તેની નકલ. (૫) મિલ્કતના ગેરકાયદેસર કબ્જેદાર ધ્વારા રીપેરીંગ/ નવા બાંધકામ માટે જો કોઈ અરજી કરેલ હોય તો તેની નકલ અને હાલની અરજી મુજબ સુરત મહાનગરપાલિકાએ કોઈ પરવાનગી આપી હોય તો તેની નકલ. (૬) તા.૨૭–૯–૧૦ ના રોજ આપેલ અરજી મુજબ કરેલ કાર્યવાહીની વિગત તથા નોટીસ ઈસ્યુ કરી હોય તો તેની નકલ. ની મુદ્દા નં.૧ થી ૬ ની માહિતી માંગતી અરજી આઈ ડી નં.૩૦૨ થી અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. તથા આઈ ડી નં.૭૪૦ થી જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી પત્ર નં.સે.ઝોન/આરટીઆઈ/જાવક/૯૬૮ તા.૧૧–૧૦–૧૦ થી ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ શહેર વિકાસ ખાતુ તથા કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને અરજદારની જાણ હેઠળ તબદીલ કરવામાં આવેલ. જે અઠવાઝોને પત્ર નં.સા.વે.ઝોન/આઈ ડી નં.૩૦૮ તા.૧૩–૧૦–૧૦ થી અને મ. જાહેર માહિતી અધિકારી નગર નિયોજક શહેર વિકાસ વિભાગ તરફથી ૩૨૬૯ તા.૧૯–૧૦–૧૦ થી તબદીલ કરવામાં આવેલ. જે નં.સા.વે.ઝોન/આઈ ડી નં.૩૧૮ તા.૨૦–૧૦–૧૦ થી નોંધાયેલ છે. આમ અરજદારની મુળ આઈ ડી નં.૭૪૦ જે અઠવાઝોનના આઈ ડી નં.૩૦૮ અને ૩૧૮ થી નોંધાયેલ છે. આમ અરજદારે મુળ બે અરજી આઈ ડી નં.૭૪૦ સેન્ટ્રલઝોન અને આઈ.ડી. નં.૩૦૨ અઠવાઝોનને કરેલ છે. જેના અરજદાર જાહેર માહિતી અધિકારી તેમજ વિષય વસ્તુ એક સરખા હોઈ બંને મુળ અરજી તથા અપીલના મુદ્દાઓ પણ સરખા હોઈ ત્રણેય અપીલોનું જોડાણ કરી સંયુકત હુકમ કરવામાં આવેલ છે. જેની અપીલ નં.૨૪૯,૨૫૩,૨૫૪ થી સરખી વિગતે અનુક્રમે અઠવાઝોનના આઈ ડી નં.૩૦૮ જેની માહિતી પત્ર નં.અઠવા ઝોન /આરટીઆઈ/આ. નં. ૮૪૨ થી તા.૨૮–૧૦–૧૦ , આઈ ડી નં.૩૧૮ જેની માહિતી અઠવાઝોન/ આરટીઆઈ/ આ.નં.૮૬૪ તા.૧–૧૧–૧૦ અને આઈ ડી નં.૩૦૨ જેની માહિતી અઠવાઝોન/ આરટીઆઈ/આ.નં.૮૪૧ તા.૨૮–૧૦–૧૦ થી આપવામાં આવેલ. જેના નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ આઈ ડી. નં.૩૦૮ ની તા.૪–૧૧–૧૦, આઈ ડી નં.૩૧૮ અને આઈ ડી નં.૩૦૨ તા.૧૬–૧૧–૧૦ ના રોજ એપેલેટ ઓફિસરને અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા અત્રેના પત્ર નં.૯૬૮ તા.૨૨–૧૧–૧૦, ૯૭૯ તા.૨૫–૧૧–૧૦, તથા ૯૭૮ તા.૨૫–૧૧–૧૦ થી જાહેર માહિતી અધિકારી જણાવવામાં આવેલ.તથા વધુમાં તેમના પત્ર નં.સા.વે.(અઠવા)ઝોન /આ.નં.૮૪૨ થી આપેલ માહિતીના પત્રની નકલ તથા અરજદારની મુળ અરજીની નકલ તેમજ કરેલ કાર્યવાહીની વિગત મોકલવા તથા તા.૪–૨–૦૪ થી ઈમ્પેકટ ફી ભરી બાંધકામ તાજેતરમાં કરવામાં આવેલ હોય તે અંગે લીધેલા પગલાની વિગતો મોકલવા જણાવેલ. જયારે અરજદારને તેઓની અપીલ અરજીમાં મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત , જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ માહિતીની નકલ તેમજ સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન ના પત્ર નં. ૮૪૨ તા.૨૮–૧૦–૧૦ ના પત્રની નકલ તથા પત્ર નં.૬૪ તા.૧–૧૧–૧૦ ના પત્રની નકલ મોકલવા જણાવવામાં આવેલ. વધુમાં તેમની તા.૧૬–૧૧–૧૦ થી કરેલ રજૂઆત તા.૪–૨–૦૪ ઈમ્પેકટ ફી ભરી તાજેતર બાંધકામ કર્યા અંગેના દાવા અંગે પુરાવાઓ હોય તો તે વિગતો મોકલવા માટે અપીલ નં.૨૪૯ અંગે પત્ર નં.આરટીઆઈ સેલ/૯૬૮ તા.૨૨–૧૦–૧૦ થી અપીલ નં.૨૫૩ અંગે પત્ર નં.આરટીઆઈ સેલ/૯૭૮ તા.૨૫–૧૧–૧૦ થી અને અપીલ નં.૨૫૪ અંગે પત્ર નં.આરટીઆઈ સેલ/૯૭૯ તા.૨૫–૧૧–૧૦ થી અરજદારને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અપીલ નં.૨૪૯ અંગે પત્ર

નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૦૦૩ તા.૨૭–૧૧–૧૦ થી અપીલ નં.૨૫૩ અંગે નં.સા.વે.ઝોન/અઠવા / આરટીઆઈ/આ.નં.૧૦૦૪,નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૦૦૩ થી અને અપીલ નં.૨૫૪ નં.સા.વે.ઝોન /અઠવા/આરટીઆઈ/આ.નં.૧૦૦૨ તા.૨૭–૧૧–૧૦ થી પૂરક વિગતોમાં આઈ ડી નં.૭૪૦ તા.૮–૧૦–૧૦ ની મુળ અરજીની નકલ, આઈ ડી નં.૭૪૦ સા.વે.ઝોન/અઠવા/ જે સે.ઝોન/આરટીઆઈ/જાવક નં.૯૬૮ તા.૧૧–૧૦–૧૦ થી સા.વે.ઝોન/અઠવા/કાર્યપાલક ઈજનેર અને ટાઉન પ્લાનરશ્રી શહેર વિકાસ વિભાગને તબદીલ કર્યા અંગે આઈ ડી નં.૩૦૮ થી નોંધાયા અંગેની નકલ, ટાઉન પ્લાનર શહેર વિકાસ વિભાગ તરફથી ટીડીઓ નં.૩૨૬૯ તા.૧૯–૧૦–૧૦ થી કાર્યપાલક ઈજનેર અઠવાઝોનને તબદીલ કરેલ, આઈ ડી નં.૩૧૮ નોંધાયા અંગેની નકલ, સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આ.નં.૮૨૦ તા.૨૨–૧૦–૧૦ નો આઈ ડી નં.૩૦૮ ની માહિતી મેળવવા નાણા ભરવા અંગેના પત્રની નકલ, આઈ ડી નં.૩૦૮ ની માહિતી અંગે રસીદ નં.૨૯૯૫૯૩ તા.૨૫–૧૦–૧૦ ની રસીદની નકલ, આઈ ડી નં.૩૦૮ ની જાહેર માહિતી અધિકારીએનં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૮૪૨ તા.૨૮–૧૦–૧૦ થી આપેલ માહિતની નકલ , સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આ.નં.૮૨૭ તા.૨૩–૧૦–૧૦ નો આઈ ડી નં.૩૧૮ ની માહિતી મેળવવા નાણા ભરવા અંગેના પત્રની નકલ, આઈ ડી નં.૩૧૮ ની માહિતી અંગે રસીદ નં.૨૯૯૫૯૮ તા.૨૬–૧૦–૧૦ ના રસીદની નકલ, આઈ ડી નં.૩૧૮ ની જાહેર માહિતી અધિકારીએ નં.સા.વે.ઝોન/ અઠવા/આરટીઆઈ/આ.નં.૮૬૪ તા.૧–૧૧–૧૦ થી આપેલ માહિતની નકલ, આઈ ડી નં.૩૦૨ ની મુળ અરજીની નકલ, સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આ.નં.૮૨૧ તા.૨૨–૧૦–૧૦ નો આઈ ડી નં.૩૦૨ ની માહિતી મેળવવા નાણા ભરવા અંગેના રસીદની નકલ, આઈ ડી નં.૩૦૨ ની માહિતી અંગે રસીદ નં.૨૯૯૫૯૪ તા.૨૫–૧૦–૧૦ ના પત્રની નકલ, આઈ ડી નં.૩૦૨ ની જાહેર માહિતી અધિકારીએનં.સા.વે.ઝોન/ અઠવા/આરટીઆઈ/આ.નં.૮૪૧ તા.૨૮–૧૦–૧૦ થી આપેલ માહિતની નકલ, નોંધ વિભાગ, ટેના નં.૩૫એ–૦૭–૨૩૯૫–૦–૦૦૧ બંગલા નં. ૬૯, સોહમ બંગ્લોઝની તા.૧૮–૯–૧૦ ના રોજ કે.પી. પટેલ અને પંકજ પટેલ રીપેરીંગ માટે કરેલી અરજીની નકલ, સદર ટેનામેન્ટની સ્કોલ નં.૭૦૦/૪૨૧ તા.૧૫–૯–૧૦ ના રોજ ટેક્ષ ભરપાઈ કર્યા અંગેની પહોંચની નકલ, સદર ટેનામેન્ટનું સને ૨૦૧૦–૧૧ ના વેરાબીલની નકલ, ફોર્મ નં.ઈ ની સા.વે.ઝોન/અઠવા/ ૬૧૩૨ તા.૨૫–૧૧–૦૮ ના પત્રની નકલ, સા.વે.ઝોન/અઠવા/૧૨૨૮૪ તા.૫–૨–૦૪ થી એનઓસી પ્રમાણપત્રની નકલ , સા.વે.ઝોન/અઠવા/ ૪૧૦૫ તા.૪–૧૦–૧૦ દિવાની મુકદમા ૪૧૧/૧૦ ની સ્પષ્ટતા માંગતા પત્રની નકલ, ફા. નં.૫૨ તા.૨૫–૧૧–૦૮ ટીડીઓ નં.૬૧૩૨ ના પ્લાનની નકલ અત્રેના વિભાગને પૂરક વિગતોમાં મળેલ છે.જયારે અરજદાર તરફથી અપીલ ન.૨૪૯ અંગે તા.૨૬–૧૧–૧૦ થી તથા અપીલ નં.૨૫૩/૨૫૪ અંગે તા.૧૦–૧૨–૧૦ થી પૂરક વિગતોમાં અરજદારે જાહેર માહિતી અધિકારીએ આપેલી વિગતો ઉપરાંત આવકાર સ્ટુડીયોનું બીલ નં.૩૫૬તા.૨૭–૯–૧૦ , ૩૬૫ તા.૩૦–૯–૧૦, ૩૬૯ તા.૨–૧૦–૧૦ અને ૩૭૮ તા.૬–૧૦–૧૦ ના ફોટાઓ અને બીલોની નકલ તેમજ તા.૧–૯–૧૦ ના રોજ ૧૫ માં એડી. સીવીલ જજ સ્પે. દિવાની મુકદમા ૪૧૧/૧૦ તા.૧૬–૯–૧૦ ના રોજ સીવીલ કોર્ટ, સુરતમાં દાખલ કર્યા અંગેની અરજીની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૮–૧૦–૧૦ થી સેન્ટ્રલઝોન તથા અઠવાઝોનને ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની માહિતી માંગતી અરજીઓ બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પાના નંગ–૬ રૂા.૨/– લેખે રૂા.૧૨/– અને નમુના પ્લાન માટેના રૂા.૧૦૦/– કુલ મળીને રૂા.૧૧૨/– ભરપાઈ કરવા અંગે અપીલ નંબરોના અનુક્રમે પત્ર નં.૮૨૦ તા.૨૨–૧૦–૧૦, પત્ર નં.૮૨૭ તા.૨૩–૧૦–૧૦ અને પત્ર નં.૮૨૧ તા.૨૨–૧૦–૧૦ ના નાણા ભરપાઈ કરી મેળવવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે અનુક્રમે રસીદ નં.૨૯૯૫૯૩ તા.૨૫–૧૦–૧૦ થી રસીદ નં.૨૯૯૫૯૮ તા.૨૬–૧૦–૧૦ થી અને રસીદ નં.૨૯૯૫૯૪ તા.૨૫–૧૦–૧૦ થી નાણા ભરપાઈ કરેલ. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી અનુક્રમે પત્ર અઠવાઝોન/આરટીઆઈ/૮૪૨ તા.૨૮–૧૦–૧૦ થી અઠવાઝોન/ આરટીઆઈ/૮૬૪ તા.૧–૧૧–૧૦ થી તથા અઠવાઝોન/આરટીઆઈ/૮૪૧ તા.૨૮–૧૦–૧૦ થી અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જે બાબતે અરજદારે અપીલ નં.૨૪૯ તા.૪–૧૧–૧૦ અને અપીલ નં.૨૫૩/૨૫૪ તા.૧૬–૧૧–૧૦ થી નિર્દિષ્ટ સમયગાળામાં મળેલા પ્રતિભાવથી નારાજ થઈ અપીલ અરજી કરેલ છે જેમાં અરજદારે અપીલ તબકકે અપીલના મુદ્દા નં.(૧) પ્રશ્નવાળી મિલ્કતમાં બાંધકામ માટે આપેલી પરવાનગીવાળી રજાચિઠ્ઠી તથા મંજુર પ્લાનની નકલ.તેવા પ્રશ્ન બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને ફા.પ્લોટ નં.૫૨ પૈકી ટીપી સ્કીમ નં.૨૭ (ભટાર) ટીડીઓ નં.૬૧૩૨ તા.૨૫–૧૧–૦૮ થી નિયમિત કરેલ પ્લાનની નકલ પૂરી પાડવામાં આવેલ છે. જે અરજદારે પણ અપીલ તબકકે ત્રણેય અપીલમાં પૂરક વિગતોમાં રજૂ કરેલ છે. જયારે રજાચિઠ્ઠીની વિગત અપીલ તબકકે મુળ અરજીથી અલાયદી પૂરક વિગતો ઉપસ્થિત કરેલ છે. અપીલના મુદ્દા નં.(૨) ઈમ્પેકટ ફી ભર્યા પહેલા બાંધકામ થવું જોઈએ તેના બદલે ઈમ્પેકટ ફી તા.૪–૨–૦૪ ના ભરેલ જયારે બાંધકામ તાજેતરમાં કરવામાં આવેલ જે બાબતે કોઈ પગલા લીધેલ હોય તો તેની નકલની માંગણી કરેલ છે. સમર્થનમાં અરજદારે બાંધકામ ૨૦૧૦ માં ચાલુ હોવાના ફોટા અને બીલો રજૂ કરેલ છે. અરજદારે મુળ અરજીથી ઉપરોકત મિલકતની આકારણી થયેલ હોય તો તેમાં રજૂ થયેલ નકશાની નકલ માંગેલ. જે અંગે જાહેર માહિતી અધિકારીએ મુદ્દા નં.૧ માં નકશો આપવા સિવાય વિશેષ કંઈ સ્પષ્ટતા કરેલ જણાતી નથી. મુદ્દા નં.૩ માં વસવાટની પરવાનગી અંગે જાહેર માહિતી અધિકારી માહિતી આપતા પત્રમાં કોઈ સ્પષ્ટીકરણ જણાતું નથી. નકલમાં માહિતી આપ્યાનો ઉલ્લેખ જણાતો નથી. મુદ્દા નં.૪ અંગે ઈમ્પેકટ ફી ભરી હોય તો તેની નકલ જાહેર માહિતી અધિકારીએ ફોર્મ 'ઈ' ની નકલ તથા ના વાંધા પ્રમાણપત્ર આપ્યાનું જણાય છે. જેમાં રૂા. ૭૦૦૦/– રકમ ભર્યાનો ઉલ્લેખ છે. મુદ્દા નં. ૫ અંગે જાહેર માહિતી અધિકારીએ રીપેરીંગ નવા બાંધકામ માટે અરજી રજૂ થયેલ હોય તો તે અંગે તા.૧૮–૯–૧૦ થી પંકજકુમાર નટવરલાલ પટેલ નામની રીપેરીંગની પરવાનગી માંગતી અરજીની નકલ આપેલ છે. મુદ્દા નં.૬ અંગે તા.૨૭–૯–૧૦ થી અરજદારની અરજી અંગે કરેલ કાર્યવાહી બાબતે જાહેર માહિતી અધિકારીએ કોઈ પ્રત્યુત્તર પાઠવેલ જણાતો નથી. અપીલના મુદ્દા નં. (૩) સદર મિલ્કતની એન. એ. પરવાનગી મળેલ નથી તેમ છતાં અમો જમીન

માલીકોની સંમતિ વગર બાંધકામ કઈ રીતે રેગ્યુલર થઈ શકે. જે અરજદારે અપીલ તબકકે મુળ અરજીથી અલાયદો પ્રશ્ન ઉપસ્થિત કરેલ છે. અરજદારની મુળ માહિતી માંગતી અરજી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએ મુદ્દા નં.ર આકારણી સાથે નકશા રજૂ કરેલ હોય તો તેની નકલ. મુદ્દા નં.૩ વસવાટની પરવાનગીની નકલ. મુદ્દા નં.પ આંશિક રીપેરીંગ નવા બાંધકામની પરવાનગી આપી હોય તો તેની નકલો. મુદ્દા નં.૬ અરજદારની તા.ર૭–૯–૧૦ ની અરજી અંગે કાર્યવાહીની વિગતો જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આપવામાં આવેલ જણાતી નથી કે તેના ઈન્કાર સબબ કલમ–૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની આઈ ડી નં.૭ર૪ તા.૮–૧૦–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી તરફથી નહીં પૂરી પડાયેલ ફરીયાદની હકીકતમાં જણાવેલ વિગતે મુદ્દા નં.ર,૩ અને પ આંશિક અને ૬ ની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે. જયારે અપીલ અરજીના મુદ્દા નં.અંશતઃ ૧ તથા મુદ્દા નં.૩ અંગે મુળ અરજીથી અપીલ તબકકે ઉપસ્થિત કરેલ પૂરક મુદ્દા અંગે અરજદાર લાગત જાહેર માહિતી અધિકારીને નિયમોનુસાર અલાયદી અરજી કરી માહિતી મેળવવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧ર–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન).....જાણ તથા અમલ માટે .
(ર) શ્રી ઉર્વશીબેન પ્રભાતસિંહ સોલંકી,